**સુરેન્દ્રનગર દૂધરેજ નગર સેવા સદન**
**શ્રીમતી રંભાબેન રતીલાલ શાહ ટાઉનહોલ ભાડે મેળવવા માટેનું અરજી ફોર્મ**

ભાડે રાખનારનું નામઃ–.........................................
ભાડે રાખનારનું સરનામુઃ–........................................
........................................
........................................
રજીસ્ટ્રેશન સંસ્થા નંબરઃ– ........................................
મોબાઈલ નંબરઃ–........................................
તારીખઃ–..........................

પ્રતિ,
શ્રી ચીફ ઓફીસર સાહેબ
સુ.નગર દૂધરેજ નગર સેવા સદન,
સુરેન્દ્રનગર.

વિષયઃ– ટાઉનહોલ ભાડે મેળવવા માટે.

મે.સાહેબ,

સવિનય સાથ જણાવવાનું કે અમારે શ્રીમતી રંભાબેન રતીલાલ શાહ ટાઉનહોલ તારીખ...............થી.............સુધી વાર............થી...............વાર સુધી ............................................કાર્યક્રમ કરવા માટે ભાડેથી રાખવા માંગીએ છીએ નગરપાલિકાએ નિયત કરેલ ભાડુ/ડીપોઝીટ/સફાઈચાર્જ/સાઉન્ડ સીસ્ટમ ભાડુ આ સાથે ભરપાઈ કરવામાં આવેલ છે.ટાઉનહોલ વપરાશનો દિવસ(૧) સવારે ૮:૦૦ કલાકથી રાત્રીના ૧૨:૦૦ કલાક સુધીનો ગણવામાં આવશે.તેમજ ટાઉન હોલના નિયમો અને નિયત કરેલ શરતો અમોને સંપૂર્ણ બંધનકર્તા રહેશે.જે અંગેની સંમતિ બદલ અમોએ નીચે સહી કરેલ છે.

**<u>નોંધ</u>:–કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમ કે રાજય સરકારશ્રીના કાર્યક્રમ/નગરપાલિકાના આકસ્મિક કાર્યક્રમ અન્વયે જરૂરીયાત હોવાના કારણે આપશ્રીને ભાડેથી આપવામાં આવેલ ટાઉનહોલ રદ કરવામાં આવશે.જે અંગે કોઈ વાદ વિવાદ ઉપસ્થિત કરવાનો રહેશે નહી.**
**<u>નોંધ</u>:–ડીપોઝીટની પરત રકમ ''એકાઉન્ટ પે''ચેકથી આપવામાં આવશે.**

..........................................
(ભાડે રાખનારની સહી)

ટાઉન હોલ ભાડુ રૂ.....................પહોંચનંબર.................તા.....................
ટાઉન હોલ સફાઈ ચાર્જરૂ...............પહોંચનંબર.................તા.....................
સાઉન્ડ સીસ્ટમ ભાડુ રૂ.................પહોંચનંબર.................તા.....................
ડીપોઝીટ રૂ.......................... .પહોંચનંબર.................તા.....................
કુલ રકમ રૂ............................

## સુરેન્દ્રનગર દુધરેજ નગર સેવા સદન

## શ્રીમતી રંભાબેન રતીલાલ શાહ ટાઉન હોલ ભાડેથી આપવા અંગેની શરતો તથા નિયમો

### ટાઉનહોલ ભાડાની વિગત તથા અન્ય ચાર્જીસની વિગતો

| અ.નં. | ટાઉનહોલ ભાડે રાખનાર વ્યકિત અથવા સંસ્થાનું નામ | દૈનિક ભાડુ | સફાઈ ચાર્જ | લાઈટ ચાર્જ | સાઉન્ડ સીસ્ટમ | ડીપોઝીટ | કુલ રકમ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રાજકીય પક્ષની મીટીંગ/રજીસ્ટરટ્રસ્ટ હેઠળ નોંધાયલ સંસ્થા/સામાજીક સંસ્થાઓના યોજાતા કાર્યક્રમ/શાળાઓ/કોલેજ/જુદીજુદી જ્ઞાતિઓના મેળાવડા વાર્ષિક સંમેલન/ શોકસભા/ શ્રધ્ધાંજલી/ બેસણા/ધાર્મિક કાર્યક્રમ | ૨૫૦૦ | ૬૫૦ | ૧ યુનીટના ૧૦/-રૂા | ૨૫૦૦ | ૨૦૦૦ | ૭૬૫૦ |
| ૨ | લગ્નપ્રસંગ/તથા માંગલિકપ્રસંગો/ઈનામીડ્રો/ ધંધાકીય મ્યુઝીકલ નાઈટ/પ્રદર્શન/ ધંધાકીય હેતુ માટે/જાદુગરના શો માટે | ૩૫૦૦ | ૬૫૦ | ૧ યુનીટના ૧૦/-રૂા | ૨૫૦૦ | ૨૦૦૦ | ૮૬૫૦ |

**ટાઉનહોલ ભાડેથી આપવા અંગેની શરતો તથા નિયમો :-**

૧) ટાઉનહોલનો ઉપયોગ કરવા ઈચ્છતા શખ્સોએ નગરપાલિકાએ નિયત કરેલ ફોર્મમાં ચીફ ઓફીસરશ્રીને અરજી કરવાની રહેશે.જે વ્યકિત કે સંસ્થા દ્વારા કાર્યક્રમ રાખવાનો હોય તેઓએ કાર્યક્રમની સંપૂર્ણ વિગતો તથા જણાવેલ નિયમોનું સંપૂર્ણ પાલન કરવાની તમામ પ્રકારની જવાબદારી અંગેની સંમતિ સાથેની સહી,સરનામા,મોબાઈલ નંબર/ફોન નંબર તેમજ ફોર્મમાં જણાવેલ તમામ વિગતો આપવાની રહેશે. ટાઉનહોલ ભાડેથી મેળવવા માટેનું અરજી ફોર્મ નગરપાલિકા કચેરીએથી રજાના દિવસો સિવાય વિના મુલ્યે મળી શકશે.

૨) ટાઉનહોલ ભાડે રાખનારે કાર્યક્રમ માટે જરૂરી હોય તેવી લાગતી વળગતી સરકારી સત્તાની પરવાનગીઓ મેળવવી પડશે.તથા તે અંગેની તમામ પ્રકારની જવાબદારી ભાડે રાખનાર વ્યકિત અથવા સંસ્થાની રહેશે.

૩) આ ટાઉનહોલનો વીજળી વપરાશનો ચાર્જ ૧ યુનીટે ૧૦/-રૂા.મુજબ થતી રકમ ભરેલ ડીપોઝીટમાંથી કપાત કરવામાં આવશે.તેમજ આ ટાઉનહોલમાં સાઉન્ડ સીસ્ટમનો વપરાશ કરવા માંગતા વ્યકિત અથવા સંસ્થાઓએ દિવસ(૧)એકનું સાઉન્ડ સીસ્ટમનું ભાડુ રૂા.૨૫૦૦/-અલગથી ભરપાઈ કરવાનું રહેશે.

૪) આ ટાઉનહોલનો દિવસ(૧) એકની ગણતરી સવારે ૮:૦૦ કલાક થી રાત્રી ૧૨:૦૦ કલાક સુધીનો એક દિવસ ગણવામાં આવશે.

૫) આ ટાઉનહોલ ભાડે રાખનાર વ્યકિત કે સંસ્થાઓ એ કોઈ વધારાનું જડીતકામ કે કામચલાઉ બાંધકામ કરી શકશે નહી.મિલ્કતને નુકશાન ન થાય તે રીતે તેનો ઉપયોગ કરશે તથા જે સ્થિતિમાં કબજો લીધો હોય તે યથાવત સ્થિતિમાં કબજો પરત કરવાનો રહેશે.

૬) ટાઉનહોલની પરવાનગી આપ્યા બાદ ભાડે રાખનાર/વ્યકિત કે સંસ્થાએ ઠરાવેલી તારીખે તેનો ઉપયોગ ન કરે તેવા સંજોગોમાં ભરેલ ફી પરત કરવામાં આવશે નહી આમ છતા જો ભાડે રાખનાર વ્યકિત/સંસ્થા કાર્યક્રમની તારીખમાં ફેરફાર કરવા માંગતા હોઈ અને ટાઉનહોલ ખાલી હોય તો શ્રી ચીફઓફીસરને લેખીતમાં અરજી કરવાની રહેશે અને શ્રી ચીફઓફીસરને વ્યાજબી કારણ જણાય તો તારીખમાં ફેરફાર કરી આપવામાં આવશે પરંતુ જયારે કોઈપણ વ્યકિત કે સંસ્થા ટાઉનહોલ ભાડે રાખ્યા બાદ કેન્સલ કરાવે તો ભાડાની તમામ રકમ જપ્ત કરવામાં આવશે.

૭) ટાઉનહોલના બેદરકારીપૂર્વકના વપરાશ/આગ/હુલ્લડ અથવા બીજા કોઈપણ ધાંધલ/ધમાલના કારણે ટાઉનહોલ કે તેના સાધનોના વિજળી જોડાણ કે નગરપાલિકાની બીજી કોઈપણ મિલ્કતને નુકશાન થશે તો તે ભાડે રાખનારવ્યકિત/સંસ્થા જવાબદાર રહેશે અને મુખ્ય અધિકારી નકકી કરે તેટલી રકમની નુકશાની ભાડે રાખનાર વ્યકિત/સંસ્થા પાસેથી વસુલ કરવાનો મુખ્ય અધિકારીનો છેવટનો નિર્ણય ગણાશે.

૮) ટાઉનહોલના ઉપયોગ સમય દરમ્યાન મુખ્ય અધિકારીશ્રીને જો એમ લાગે કે સદરહુ સ્થળનો ઉપયોગ જાહેરહિતમાં નુકશાનકર્તા છે તો ભાડે રાખનાર વ્યકિત/સંસ્થાએ ટાઉનહોલ કબજો તેમની પાસેથી ખાલી કરાવવાની ફરજ પાડવાનો હકક અનામત રાખવામાં આવ્યો છે આવા પ્રસંગે ભરવામાં આવેલ રકમ રીફંડ આપવામાં આવશે નહી અને સદરહુ કિસ્સો કારોબારી સમિતિની ત્યાર પછીની સભાના ધ્યાન પર લાવવામાં આવશે.

૯) ટાઉનહોલ મુખ્ય અધિકારીની પરવાનગી સિવાય ભાડે રાખનાર વ્યકિત સંસ્થાએ અરજીમાં જણાવેલ હેતુ સિવાય બીજો કોઈપણ ઉપયોગ કરી શકાશે નહી જો એનો ભંગ કરવામાં આવશે તો ભાડે રાખનાર/વ્યકિત/સંસ્થાની ડીપોઝીટમાંથી વધારાનીરકમ કાપી લેવામાં આવશે.

૧૦) ટાઉનહોલમાં કોઈપણ કાર્યક્રમ જેના કારણે કોઈ રાઈટનો ભંગ થતો હોય તો યોગ્ય ઓથોરીટીની પરવાનગી મેળવ્યા સિવાય કરી શકાશે નહી.જો કોઈ રાઈટનો ભંગ કરે તેવો કાર્યક્રમ હશે તો નગરપાલિકા કોઈ પ્રકારે જવાબદાર ગણાશે નહી.

૧૧) ટાઉનહોલના સંપૂર્ણ બાંધકામમાં કે ફર્નીચરને નુકશાન થશે તે તાત્કાલીક ભરપાઈ કરી આપવાનું રહેશે.અથવા ભરેલ ડીપોઝીટમાંથી કાપી લેવામાં આવશે અથવા અન્યથા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

૧૨) ટાઉનહોલમાં કોઈપણ સમયે કારોબારી સમિતિના અધ્યક્ષ,મુખ્ય અધિકારી અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીને પ્રવેશવાનો તથા નિરીક્ષણ કરવાનો અધિકાર રહેશે

૧૩) કારોબારી સમિતિને યોગ્ય જણાય તેવા કિસ્સામાં ઠરાવેલ દરમાં છુટ મુકવાનો હકક રહેશે.

૧૪) ટાઉનહોલ વિના મુલ્યે જેવા કે ચુંટણી લક્ષી મીટીંગ /મતદાન કેન્દ્ર/મતદાર યાદી તૈયાર કરવા તથા સરકારી કાર્યક્રમ માટે ચીફઓફીસરશ્રીને યોગ્ય જણાય તેવી કચેરીઓ/સંસ્થાઓ તેમજ વ્યકિતને વિના મુલ્યે કોઈપણ ચાર્જ લીધા વગર ચીફઓફીસરશ્રી ટાઉનહોલ વાપરવા આપી શકશે.

૧૫) ઉપરોકત મંજુર કરવામાં આવેલ નિયમો તથા ભાડાના દરોમાં નગરપાલિકાને જયારે જરૂરી લાગે ત્યારે સુધારા વધારા કરવાની સત્તાનો અબાધિત અધિકાર કારોબારી સમિતિને રહેશે.

......................................................

(ભાડે લેનારની સહી)